# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA**

**Website :www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**

**એકેડેમિક વિભાગ**

## પરિપત્ર

**વિષય : LLB અભ્યાસક્રમના પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ અંગે વિદ્યાર્થીઓ તથા કોલેજો માટે અગત્યની સૂચના**

**સંદર્ભ : (૧) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૩૦૫૦, તારીખઃ ૨૦/૦૮/૨૦૨૪**
**(૨) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૩૫૮૧, તારીખઃ ૦૯/૦૯/૨૦૨૪**
**(૩) યુનિવર્સિટી પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૩૭૫૯, તારીખઃ ૧૮/૦૯/૨૦૨૪**

**LLB અભ્યાસક્રમ** પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ તથા સંલગ્ન કોલેજો (BCI દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ અંગેની મંજૂરી આપેલ હોય તેવી કોલેજો) ને જણાવવાનું કે LLB **અભ્યાસક્રમના પ્રવેશ પ્રક્રિયાના ત્રીજા રાઉન્ડ માટે રજીસ્ટ્રેશન અને પ્રવેશ ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૬/૦૯/૨૦૨૪ છે.** LLB અભ્યાસક્રમના પ્રવેશ માટે હવે પછીની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ૨૫/૦૯/૨૦૨૪ થી ૨૬/૦૯/૨૦૨૪ | ૧. અગાઉના રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓ તા.૨૫/૦૯/૨૦૨૪ થી તા.૨૬/૦૯/૨૦૨૪ સુધીમાં GCAS પોર્ટલ ઉપર ઓનલાઇન ફોર્મ ભરી શકશે.<br>**૨. જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી.**<br>૩. જે વિદ્યાર્થીઓએ અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરેલ છે, તેવા વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશ ફોર્મમાં તેઓનાં માર્કસ/CGPAની વિસંગતતા હોય, નવો અભ્યાસક્રમ કે વિષય ઉમેરવા હોય અથવા રદ કરાવવા હોય તેમજ નવી કોલેજ કે વિભાગની પસંદગી ઉમેરવી હોય કે રદ કરવી હોય તે કાર્યવાહી તેઓ કરી શકશે. |
| ૨૭/૦૯/૨૦૨૪ થી ૨૮/૦૯/૨૦૨૪ | જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ તથા તા. ૨૮/૦૯/૨૦૨૪ થી તા. ૨૯/૦૯/૨૦૨૪ સુધી GCAS પોર્ટલ ઉપર નવા ભરાયેલા પ્રવેશ ફોર્મના ડેટા GCAS દ્વારા આપવામાં આવેલ હોય તેનાં આધારે ખાલી રહેતી બેઠકો ઉપર જે તે કેટેગરીમાં મેરીટ મુજબ પ્રવેશ માટેનો ઓફર લેટર આપવાનો રહેશે. |
| ૩૦/૦૯/૨૦૨૪ થી ૦૧/૧૦/૨૦૨૪ | વિદ્યાર્થીએ પોતાને મળેલ ઓફર લેટરને આધારે જે કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તેને GCAS પોર્ટલ પર કન્ફર્મ કરી જે તે કોલેજમાં તમામ અસલ તથા ઝેરોક્ષ દસ્તાવેજો સહિત રૂબરૂ ચકાસણી કરાવી પ્રવેશ મેળવવાનો રહેશે અને કોલેજની જરૂરી ફી ભરવાની રહેશે. |
| | કોલેજે ઓફર લેટરના આધારે જે વિદ્યાર્થી તેઓની કોલેજમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓનો પ્રવેશ GCAS પોર્ટલ પર પ્રવેશ અચૂક કન્ફર્મ કરવાનો રહેશે. |

**નોંધ :** ૧. BCI દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશ ફાળવવા અંગેની મંજૂરી મળેલ હોય તેવી જ કોલેજોમાં વિદ્યાર્થીઓને LLB અભ્યાસક્રમમાં પ્રવેશ ફાળવવામાં આવશે.
૨. યુનિવર્સિટી દ્વારા કોઇ ઈન્સ્ટીટ્યુટ/કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહીં.
૩. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.
૪. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૩૯૩૫
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૫/૦૯/૨૦૨૪

કુલસચિવ

**નકલ રવાનાઃ**
૧. આચાર્યશ્રી, LLB અભ્યાસક્રમ ચલાવતી તમામ સંલગ્ન કોલેજો તરફ
૨. કા. નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ યુનિવર્સિટી વેબસાઇટ પર અપલોડ કરવા તથા આગળની કાર્યવાહી સારૂ.